

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

તાકી છે બંદુક આતંકે કાશ્મીર જવાય નહીં,
બહાર ખવાય નહીં, ચેપી કોળીયો ભરાય નહીં,
ઘાંઘા થઈ નિકળી પડે પ્રવાસે ગુજરાતીઓ -
દિવાળી વેકેશનમાં તો પ્રવાસે જવાય નહીં

**હાઈકુ**

ભટકો નહીં
બેસી રહો ઘરમાં
કરો ભજન

મોઢું ફાડીને
કોરોના અજગર
બેઠો મોં ફાળી

### ચિંતન

*નારૂ હે દ્વિષમ્ વૃક્ષં જીર્ણાં નાવ ન ચારુ હેત ।*
*કૂપે નાલયેત્તોયં ન વાત્માનં વિનાશયેત્ ॥*

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

વાંકાચૂકા ઝાડ પર ચઢવું નહીં, જૂની નાવમાં બેસી નદી પાર કરવી નહીં, વેરાન કૂવામાં પાણી જોવા નમીને જોવું નહીં, અર્થાત્ હાથે કરી પોતાનો વિનાશ નોતરવો નહીં.

અહીં તદ્દન સરળ રીતે સાચી સલાહ સાથે સામાન્ય જ્ઞાન પણ આપવામાં આવેલ છે. વાંકાંચૂંકા ઝાડ બટકણા તો હોય પણ એના પર જીવ-જંતુ અને પ્રાણીઓ પણ સહેલાઈથી ચઢી શકતાં હોય છે માટે ઝાડ પર ચઢવાનું જોખમી બને છે.

જૂનું જર્જરિત નાવડું - હોડી પાણીનો માર કે કોઈ પથ્થરથી ઠકરાવ જીલી શકતું નથી. અને ભાંગી પડે છે. જીવનું જોખમ થાય છે. વેરાન કૂવાનો કઠેડો જૂનો અને જર્જરિત હોઈ શકે છે એમાં પણ કોઈ સર્પ છૂપાયેલો હોઈ શકે એમાં ડોકિયું કરવાથી જીવનું જોખમ થઈ શકે છે.

આમ, હાથે કરીને પીડા વહોરવી નહીં.

### સુવિચાર

- ઊંડા પાણી આભ તરાવે તોય અંધારે લીન,
  શાણા જનની એક જ તાસીર હોય સદા ગમગીન...! - **હરીન્દ્ર દવે**
- મહાન ઉપલબ્ધિયાં કભી ભી આસાની સે નહીં મીલતી ઔર આસાની સે મિલી ઉપલબ્ધિયાં મહાન નહીં હોતી !! - **લોકમાન્ય તિલક**
- કાળનો પંજો ગમે તેવા અમમસ્તને પણ સાવ અશક્ત ફુગ્ગા જેવો કરી નાંખે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તપ એટલે જે કર્મોને તપાવે તે - **આચાર્ય વિજયરત્નસુંદરજી**
- સવાલ : આળસુ કોને કહેવો ? જવાબ : જે માણસ શરીરમાં વધારેલી કેલરી ખર્ચવામાં કંજુસાઈ કરે તે આળસુ કહેવાય - **ગુણવંત શાહ**
- બહુમતી કે લઘુમતીની ભાષામાં જ વાત થાય છે,
  માનવતાની કે ઈન્સાનિયતની ભાષા જ જાણે ભૂલાઈ ગઈ છે - **અવિનાશ દત્તા**
- આજનું ઔષધ : પાલખ અને કાકડીનો મિક્સરમાં જ્યુશ કાઢી તાજો-તાજો પીવાથી માઈગ્રેનમાં તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઉપરવાળાએ નથી કરતો જે તમને સારું લાગતું હોય કે ગમતું હોય પણ ઉપરવાળો એ કરતો હોય છે જે તમારા માટે સારું હોય છે. એક કંપનીનો સેલ્સ મેનેજર હતો. તે બે અઢી વર્ષથી એક નાની કંપનીમાં કામ કરી રહ્યો હતો. એ રોજ ભગવાનને 'થેંક્યું' કીધા કરતો હતો. એને એવી શ્રદ્ધા હતી કે આ નોકરી એને ભગવાનની કૃપાથી મેળવી હતી. રોજ ત્રણ-ચાર વાર ભગવાનને થેંક્યું કિધા કરતો હતો. બે ત્રણ વર્ષથી એને કોઈ પ્રોગ્રેસ થતો ન હતો. પગારમાં વધારો થતો ન હતો. એટલે એણે એક બીજા કંપનીમાં નોકરી માટે અરજી કરી. સામેથી ફોન પર ઈન્ટરવ્યુ થવાનો હતો તે દિવસે મેનેજરે વહેલા ઉઠવા એલાર્મ મૂક્યું તો એલાર્મ વાગ્યું જ નહીં. ઈન્ટરવ્યુ માટે સમય નક્કી ન કર્યો હોઈ ગમે ત્યારે ફોન આવી શકે તેમ હતું. મોડું થયું અને ઉતાવળમાં ઘરેથી વહેલો નીકળ્યો ત્યાં બાઈક બગડી. ચાલુ જ ન થઈ. રિક્ષા પકડી માંડ માંડ ઓફિસે પહોંચ્યો. ઉતાવળમાં ટિફિન ભૂલી ગયો એટલે કેન્ટીમાં ગયો. ત્યાં પણ તાળું જોયું. બહારથી સેન્ડવીચ મગાવી ખાધી. એને થવા લાગ્યું કે આજનો દિવસ સાવ કેવો પસાર થાય છે ? સાંજે સાડા પાંચે ફોન પર ઈન્ટરવ્યુ શરૂ થયો. સામેથી દસ પંદર મિનિટ વાત થઈ પણ આ મેનેજરના ફોનમાં બેટરી પૂરી થઈ જવાથી વાત અધૂરી રહી ગઈ. નિરાશ થઈ તે ઘરે પહોંચ્યો. ત્યાં ઘરે લાઈટ પણ ન હતી. એને ખૂબ ગુસ્સો આવ્યો પણ કોઈ ઉપાય ન હતો. આંખ ઘેરાઈ અને સપનામાં એને ભગવાન મળ્યાં. મેનેજરે કહ્યું, 'ભગવાન, સાવ આવું કેમ કર્યું' ભગવાને કહ્યું, 'જે કાંઈ આજે થયું એ મારી મરજીથી થયું છે, એલાર્મ મેં જ વાગવા ન દીધું, બાઈક પણ મેં જ ખરાબ કર્યું, જો બાઈકથી જાત તો તારો મોટો અકસ્માત થઈ જાત, કેન્ટીન એટલા માટે બંધ હતી કે જો તું ત્યાં જમત તો તું બિમાર પડત, અને ફોન પર વાત એટલા માટે અધૂરી રહી કેમ કે સામેની કંપની બદમાશ છે તે નોકરીના નામ પર તને ઠગી લેત. એટલે તારો ફોન મેં બંધ કરી દીધો હતો. અને આજે જો તારા ઘરે વિજળી હોત તો શોર્ટ શર્કિટને કારણે તારા ઘરમાં આગ લાગી શકતી હતી. તું મારો પરમ ભક્ત છે એટલે આ ચોખવટ કરી છે. મારા પર વિશ્વાસ રાખજે, કદી તારું બુરું નહીં થવા દઉં.'

# જીવનમાં ખેલદિલી ખૂબ જ જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

જીવન છે તો હરીફાઈ છે અને હરીફાઈ છે તો હારજીત પણ રહેવાની જ. સિકંદર અને નેપોલિયન જેવા વિશ્વવિજયની મહત્ત્વાકાંક્ષા રાખનારા ધુરંધરો કે ચંગેઝખાન જેવા અને તૈમૂર જેવા આતતાયીઓને પણ એક દિવસ કુદરત સામે તો ઘૂંટણિયે પડવું જ પડ્યું હતું. મહાભારતનું યુદ્ધ જિતાડનાર સાક્ષાત પરમાત્મા કૃષ્ણને નિયતિવસ વ્યાધના બાણથી હણાવું પડ્યું હતું અને રાવણ કે જેણે કૈલાસ માથે કરેલો એવા મહારથીને રામના બાણે વીંધાઈ જેની સોનાની લંકાને રામ રામ કરવા પડ્યા હતા. વળીએ જ રામને કાળબળે સરયૂમાં સમાધિ લેવા મજબૂર કર્યા હતા. હાર અને જીત એ જ સિક્કાની બે બાજુઓ છે. મેદાનમાં ઊતરવાની હિંમત ન જ દાખવે એને હાર કે જીતનો પ્રશ્ન જ નથી રહેતો. જીવન એક સંગ્રામ છે એમ જીવન એક રમત પણ છે. ક્રિકેટની રમતમાં દુનિયાભરમાં મોટી નામના ધરાવતી ભારતીય ટીમને પાડોશી પાકિસ્તાનની ટીમ સામે નામોશીભરી હાર મળી એથી માયૂસ થવાનું ન હોય. રમે તે જીતે પણ ખરું અને રમવા ઊતરે એને બીજા વિકલ્પ તરીકે હારવાની પણ તૈયારી દાખવવી જ રહી. અણનમ રહેલી ટીમ કયારેક સાવ જ કંગાળ દેખાવ કરે ત્યારે એની ક્ષમતા વિશે ટીકાટિપ્પણ કરવાને બદલે એને આશ્વસ્ત કરવી જોઈએ. હાર કે જીત કોઈ કાયમી ઉપક્રમ નથી જ નથી. હારેલો યોદ્ધો એની હારમાંથી બોધપાઠ લઈ ભવિષ્યની જીતની ભૂમિકા બાંધે છે. પાકિસ્તાનના એ ખેલાડીઓને હાર્દિક અભિનંદન આપવા જોઈએ જેમણે ભારત સામે વર્ષો સુધી હાર્યા પછી જીતનો સેરો બાંધવામાં સફળતા પ્રાપ્ત કરી છે અને આખરે રમતમાં વળી ભારત-પાકિસ્તાન કેવું ? બેઉ ટીમોમાં રમતા જુવાનિયા ક્રિકેટની રમતના ખેલાડીઓ છે. એમનામાં ખેલદિલી છે એટલે સ્તો એ બે દેશો વચ્ચેના રાજકીય અને સાંસ્કૃતિક વૈમનસ્ય છતાં મેદાનમાં ઊતરે છે. પ્રેમથી રમે છે અને હાર્યા કે જીત્યા પછી એકમેકને ગળે લગાવે છે. એ ખેલાડીઓ પાસેથી શીખવા જેવી ચીજ તો આપણે શીખવી ચૂકી જ જઈએ છીએ. એ ચીજ છે 'સ્પોટ્સ મેન્સ સ્પિરિટ.' રાજકીય હરીફોમાં અને ધંધાકીય હરીફોમાં પણ આ સ્પિરિટ પ્રગટવો જોઈએ. એને બદલે આપણા નેતાઓ તો આપણને નર્યાં વેરઝેર રાખતાં શીખવે છે. હમણાં ભાજપના પ્રદેશ પ્રમુખે એમના કાર્યકર્તાઓને કહ્યું કે કોંગ્રેસને હરાવવી એટલું પૂરતું નથી એની ડિપોઝીટ ડૂલ થવી જોઈએ ! આ એક પ્રકારની હિંસકવૃત્તિ છે. રાજકીય નેતાઓમાં એ ભરપૂર પ્રમાણમાં ખીલતી જોવા મળે છે. લાલુપ્રસાદ યાદવ જેલમાંથી જામીન પર છૂટીને આવ્યા છે. પારિવારિક કલહથી દુઃખી છે. અગાઉ કોંગ્રેસ સાથે 'મહાગઠબંધન' ના ઘડવૈયા રહી ચૂક્યા છે. પણ કોંગ્રેસમાં જીતવાની તાકાત નથી બચી એટલે હવે એનો સાથ છોડી દેવા કૃતસંકલ્પ છે. ગઠબંધન કેવું ને વાત કેવી ! હારવા માટે સીટો આપી દેવી ? આ એમનું ગણિત છે. ઉત્તરપ્રદેશમાં અખિલેશ યાદવે પણ કોંગ્રેસ સાથે આભડછેટ રાખવા માંડી છે. 'પડતા ઉપર પાટુ' એ દુન્યવી વહેવાર હશે, પરંતુ એ માનવીય વહેવાર નથી જ નથી. એમાં નરી સ્વાર્થની ગંધ આવશે. રાજકારણની જેમ રમતજગતમાં પણ જીતવા માટે 'કિલિંગ ઈંસ્ટિંક્ટ' અનિવાર્ય છે. સામેના હરીફને નેસ્તનાબૂદ કરવાની આવ વૃત્તિ નહેરુમાં નહોતી. શાસ્ત્રીમાં પણ નહોતી. પરંતુ ઈંદિરા ગાંધીમાં એ ભરપૂર પ્રમાણમાં હતી. અટલ બિહારી વાજપેયી કોંગ્રેસનો જનાજો કાઢવાની શાનદાર અને છટાદાર રજૂઆત કરતા ત્યારે તાળીઓનો વરસાદ વરસતો. નરેન્દ્ર મોદીમાં આ 'કિલિંગ ઈન્સ્ટિંક્ટ' પરાકાષ્ઠાએ પહોંચેલી છે. એમણે વિપક્ષ તો ઠીક, પક્ષનાં પ્રતિસ્પર્ધી તત્ત્વોને પણ વીણી વીણીને સાફ કરી નાખ્યાં છે. આજે લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોષી શોધ્યા જડતા નથી. ચૂંટણીઓ આવશે ને જશે. સત્તાપલટા થતા રહેશે. રમતો રમાતી રહેશે. આ બધી કુદરતી લીલા છે. એનો ભાર રાખ્યા વગર સાક્ષી ભાવે માણવામાં જ મજા. એક બાબબે ૧૫૨૬માં હિંદુસ્તાન પર કબજો મેળવ્યો હતો. બીજા એક બાબરે રમતની રુએ હિંદુસ્તાનને નામોશીભરી સ્થિતિમાં ધકેલ્યું છે. એથી દિવાળી બગડી ગઈ એમ નહીં માનવું. આખરે એ આપણા જ અખંડ ભારતમાંથી છૂટો પડેલો દેશ છે. બ્લડ કેમિસ્ટ્રીની રીતે આપણી સૌથી નજીકની પ્રજા હોય તો તે પાકિસ્તાન છે. ખુદ મોહન ભાગવતે કેટલી સરસ વાત કરી હતી ! એમના પૂર્વજો પણ હિંદુ જ હતા અને તે હકીકત છે. ચીન કે યુરોપ - અમેરિકા કરતાં એ આપણું નજીકનું સગું છે!

# સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પ્રસંગોને યાદ કરી પ્રેરણા મેળવીએ



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'હમણાં હમણાં તો એની આત્માની ગોફણમાંથી છુટે છે - શબ્દ નહીં, પણ તાતી સંકલ્પશક્તિ. એના શબ્દો શબ્દો નહીં, કાર્યો છે.'

મૂળ અંગ્રેજીનો ઉમાશંકર જોષીએ કરેલો આ અનુવાદ છે કરમસદ, ગુજરાત ધરતીપુત્ર અને રાષ્ટ્રના એક સમયના નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ માટે.

કુશાગ્ર બુદ્ધિ, નિર્ભયતા, દેશભક્તિ, સત્યની ઉપાસના અને ગાંધીજી પ્રત્યે સંપૂર્ણ સમર્પણ જેવા ગુણો થકી સરદાર એમનો દેહ શાંત થયાના આટલા વરસે પણ હજુ પ્રત્યેક ભારતીયના હૃદયમાં હૃદયસ્થ છે.

ડૉ. રાજેન્દ્રપ્રસાદ સરદાર પટેલ માટે લખે છે કે 'તેઓ માત્ર લડવૈયા તરીકે જ મહાન નહોતા, તેમને જેટલું રચનાત્મક કામ કર્યું છે તેટલું બીજા કોઈએ કદાચ ભાગ્યે જ કર્યું હશે.'

સરદાર પટેલ કહેતા હતા કે 'હું સમાજવાદ કે મૂડીવાદ કે કોઈ પણ વાદ સાથે કામ કરી શકું છું, માત્ર એક જ શરતે કે મને કોઈ વટાવી ન ખાય. જો આજનો ધર્મ પાળીશું તો કાલનું કોકડું આપોઆપ ઉકલી જશે.'

સમાજજીવનના, રાજકારણના અને સામાન્ય માણસના જીવનના પ્રશ્નો ઉકેલવાની સરદારની શક્તિ નોખી ને અપ્રતિમ હતી. આ શક્તિમાં પ્રજાને વિશ્વાસ હતો. એમના સત્યાગ્રહોમાં જોડાયેલા લોકો આ વાતની પ્રતીતિ કરાવે છે. સરદારનું સૌથી મોટું પ્રદાન તે રોજયોના વિલીનીકરણ નું હતું. એ કુશળતાથી ને ભાવનાત્મકતા સાથે કરાયું હતું.

દેશના રાજકારણમાં અને જાહેર જીવનમાં સરદારનું સ્થાન સન્માનપૂર્વકનું હતું અને એથી જેસવાલ દરમિયાન એમને 'અ' વર્ગ આપવામાં આવેલો તો પણ અન્ય સત્યાગ્રહીઓ સાથેના સમભાવને કારણે તેઓ 'ક' વર્ગનો ખોરાક લેતા હતા. નવોદિત રાષ્ટ્રની રચના સમયે એમના સમયસરના નિર્ણયોના કારણે દેશમાં પરિસ્થિતિ નિયંત્રણમાં રહી હતી.

સરદાર વલ્લભભાઈ પટેલે દેશ અને દુનિયાને મજબૂત નેતૃત્વ આપ્યું. એમના જીવનમાં હંમેશા દેશ પ્રથમ હતો, પોતાની વાત પછી આવતી. સાદાઈ અને પુરુષાર્થમય જીવન એમની ઓળખ હતા. ખેડૂત સમૃદ્ધ થાય, તો દેશ સમૃદ્ધ થાય એવી એમની આદર્શ પરિકલ્પના હતી. ભારતના બંધારણના ઘડતરમાંઅને તેને મૂર્ત સ્વરુપ આપવામાં પણ એમનો ફાળો રહ્યો હતો. સંગઠન શક્તિના તેઓ હિમાયતી હતા અને એથી જ કહેતા કે 'સંખ્યા બળ એ બળ નથી.'

સરદારના પ્રવચનો વાંચનારને ખ્યાલ આવશે કે એમાં વીરપુરુષની વાણી છે, નવચેતન પ્રગટાવતી ચેતનધારા છે. વિનોદ પણ છે, મજાક પણ છે ને શબ્દભક્તિ દ્વારા ઉજાગર થતી દેશ ભક્તિ પણ છે.

વિરાટ વ્યક્તિત્વ, વિરલ નેતૃત્વ આપનાર નેતા, નવભારતના શિલ્પી સરદાર પટેલ માત્ર ગુજરાતના નહિ, ભારત દેશનું ગૌરવ હતા, ગુજરાતની પ્રજાને તેજસ્વી જોવા ઈચ્છતા હતા.

સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પ્રસંગોને યાદ કરીએ, એમાંથી પ્રેરણા મેળવીએ, રાષ્ટ્રભક્તિના દીવડા પ્રગટાવીએ અને એમના વિચારોના અજવાળાને ઝીલીએ.

# મારી પાસે પગલાં છે,પણ એના માટે જાગતો-ઝૂરતો રસ્તો ક્યાં છે ?



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

મારા માથે આકાશ છે, પણ મારું આકાશ ક્યાં છે ?
સૌના મુખે ભાષા છે, પણ મારી ભાષા ક્યાં છે ?
મને શોધ છે –
મારા નામે અંકિત થાય તેવા સર્જનાત્મક સમયની;
મને શોધ છે –
મારા કામને કોળાવી દે એવા વિસ્મયની;
મારી પાસે પગલાં છે,
પણ એના માટે જાગતો-ઝૂરતો રસ્તો ક્યાં છે ?
મારો પંડનો પડછાયો છે,
પણ એની ખબર લે એવો ઓલિયો-ફિરસ્તો ક્યાં છે ?
મને શોધ છે –
મારા અવકાશને કલ્લોલાવે એવા કલરવની;
મને શોધ છે –
મને પાંખાળો કરે એવા પવનના પનોતા પદરવની;
મારી પાસે દરિયો છે,
પણ તળિયાના તેજના મનમોજી મરજીવા ક્યાં છે ?
મારી પાસે દુનિયા છે,
પણ દૈવતના દેશના અમિયલ દષ્ટિના દિવા ક્યાં છે ?
- ચંદ્રકાન્ત શેઠ

આ સમયે તદ્દન નવા સમીકરણો સાથે નવા આયામો અને નવા જ પ્રકારના અનુભવો સાથે જ જીવવાનો આવ્યો છે. અત્યારે શારીરિક નહીં પરંતુ માનસિક રીતે વ્યથિત કરી દેતી પરિસ્થિતિઓ હર એક પરિવારમાં એક યા બીજા કારણોસર ઉદ્ભવી રહી છે. દેખીતા કારણો અલગ અલગ હોઈ શકે જેમકે, કોઈ જગ્યાએ શારીરિક એટલે કે બીમારીનું કારણ હોય તો વળી બીજી જગ્યાએ આર્થિક કારણો હોય સામાજિક કારણો હોઈ શકે.

અત્યારે સંબંધો કસોટીની એરણે ચઢયા છે, તો વળી પૈસા અને તેના દ્વારા ઉદભવતા ગરજાઉ સપાટી ઉપરના સગાઓ કે જે વહાલાઓ નથી તે ઓળખાઈ રહ્યા છે. અત્યારે દ્વદ્વહેંઅ જઅજીદ્ર વધારવા માટેના ઘણા ડોશી વૈદ્ય બજારમાં મળે છે પરંતુ કમ્યુનિટી સિસ્ટમને સામાજિક સ્થિતિઓને સુદ્દઢ બનાવવાના કોઈ જ કારગર ઉપાયો જડતા નથી. અત્યારે ઈચ્છા હોવા છતાં સગાઓ સગાની પાસે ઊભા રહી શકતા નથી ત્યારે સ્વયં ચેતનાથી જ આગળ વધવું આવશ્યક બની ચૂક્યું છે. મારું પોતાનું આકાશ મારા પોતાના પગલાં મારા પોતાના વિચારો મારો પોતાનો મનનો ઓરડો આ બધી જગ્યાએ પહોંચવાનું આ તો એક નિમિત્ત બન્યો છે કોરોના.

ઘણીવાર આપણે એવી બૂમો પાડતા હોઈએ છીએ અને જે સાચી પણ છે કે આપણે આપણી માટે કશું કરી શકતા નથી. આપણે આપણો અવાજ અનુસરી શકતા નથી આપણે આપણું અસ્તિત્વ ઉજવી શકતા નથી. તો પછી લ્યો અવસર આવી ગયો છે. આપણે આપણી માટે, આપણા વિચારોને આપણી માનસિક સ્થિતિને એટલી હદે મજબુત બનાવીએ કે જેથી કરીને કોઈ કોરોના આપણને પાંગળા ન બનાવી શકે.

કવિએ આ કવિતામાં જે શબ્દો વાપરે છે તે વાંચીને મજા પડી જાય છે કોળાવી દે, કલ્લોલાવે, અમિયલ દષ્ટિ .....આ બધા શબ્દો વાંચ્યા ત્યારે ધ્યાનમાં આવે કે આપણી ગુજરાતી ભાષા કેટલી સમૃદ્ધ છે અને આપણે ઘણી વખત વારંવાર એકના એક શબ્દો વાપરીએ છીએ. પરંતુ વાસ્તવમાં આપણી ભાષા પાસે પુષ્કળ નાવીન્યસભર શબ્દોની ભરમાર છે. ખેર આ સમયે કે જ્યારે આપણે સમાજમાં હોવા છતાં પણ એકલા છીએ. પરિવારમાં હોવા છતાં પણ વિભક્ત છીએ. ત્યારે આપણે બધી જ ફરિયાદને શમાવવાનો સમય થઈ ગયો છે. જે ફરિયાદો આ કવિતામાં કવિએ કરી છે મારા પંડનો પડછાયો, પંડના પડછાયાની ખબર આપણે ભાગ્યેજ લેતા હતા. આપણામાં જે માહ્યલો છે એની ખબર કાઢવાનો સમય આપણને મળ્યો છે.

આપણે હંમેશા બૂમો પાડતા આવ્યા છીએ કે બચપણ ગયું એટલે વિસ્મય પણ ગયું, પણ ખરું તો એ છે કે વિસ્મયને માત્ર બચપણ સાથે નિસ્બત નથી જ નથી. વિસ્મય તો તમારું, મારું સૌનું હર હંમેશ આપણી પાસે જ હોય છે. અવનવી ઘટનાઓમાં હોય છે, અવનવા પ્રસંગોમાં હોય છે. સવારના સૂર્યોદયમાં હોય છે અને સાંજના સૂર્યાસ્તમાં હોય છે. પક્ષીઓના કલરવમાં હોય છે. ખિસકોલીની ચડ-ઉતરમાં હોય છે. ગલુડિયાની દોડાદોડીમાં હોય છે. કાબરની કિલકારીઓમાં હોય છે. સાંજે આકાશમાં રચાતા વાદળોના કેનવાસ પર હોય છે. આ બધા વિસ્મય શું માત્ર બચપણમાં જ દેખાતા હોય છે ? આ બધું તો જીવનભર આપણી આસપાસ હોય છે. હા એમ કહો કે બચપણમાં તમે આ વિષયોને માણી શકતા હતા. આ જ ચિત્રોને આ ઘટનાઓને વિસ્મય ગણી શકતા હતા ત્યારબાદ આપણે આપણા રૂટિનમાં એવા તો અટવાયા કે આ બધી વિસ્મયકારી પળોને આપણે માત્ર રૂટીન બનાવી દીધું. સવારે ઉઠીને બ્રશ કરવું જેમ ફરજિયાત છે તેમ સૂર્યને અર્ઘ્ય અર્પવો ફરજિયાત બની ગયો. અર્ઘ્ય અર્પતી વખતે તે સૂર્ય પાસેથી ઊર્જામાં લેતી વખતે એ સૂર્યના કિરણો જળની સપાટી અને જળ વચ્ચેની પારજાંબલી કિરણો આપણા શરીર સુધી પહોંચે છે એ અનુભવવાને બદલે માત્ર એક કળશ સૂર્યને ચડાવી દેવાની આપણે વિધિ બનાવી દીધી. સવારે પક્ષીને ચણ નાખવા જવાની આદત વિસ્મય છે પણ એ વિસ્મયને પણ આપણે માત્ર બે મિનિટનું રોજિંદુ કાર્ય બનાવી દીધું.

દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે ની અંદર અમરીશ પુરી પંજાબના કોઈ ખેતરમાં પોતાના કબૂતરોને ચણ નાખતો હોય અને પાછળ શાહરુખ ખાન જેમતેમ ધોતિયું પહેરીને એની જેમ ચણ નાખવાની ક્રિયા પિક્ચર માં કેટલી બધી મહત્ત્વપૂર્ણ છે ! ત્રણ કલાકના પિક્ચરમાં બે વખત ચણ નાખવાની આ વાત એ સીનને આદીત્ય ચોપરાએ કેવો સરસ ઝીલ્યો છે ! આપણા જીવનમાં તો આ ક્રિયા રોજ બને છે કબૂતરોનું ઘૂ ઘૂ. સાંભળતા સાંભળતા અને રોજ એક જેવા કબૂતરો આવતા હોય તેમાં એકાદ દિવસ કોઈ કાબરચીતરાં કબૂતર જોઈને આંખોમાં કેમ વિસ્મય નથી ચાલતું ! ખરેખર તો આજે પક્ષીઓ પાસે અને કુદરત પાસે જવાનો સમય આવ્યો છે. કારણ કે માણસ વગર જીવતા આ કુદરત આપણને ક્યારેય કોરોનાવાયરસ ભેટમાં નથી આપવાનો. માણસને માણસથી ચેતવાનું છે પશુ-પંખી વનસ્પતિની નજીક જવાથી માણસ પોતે ચોખ્ખો જ બનવાનો છે મનથી અને શરીરથી બંને રીતે.

સ્વયં સાથે સંવાદ કરવાનો ઉત્તમ સમય છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

# કોઈપણ વ્યસન વ્યક્તિના મનોબળથી ક્યારેય બળવાન હોતું નથી



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

છેલ્લા કેટલાક સમયથી શાહરૂખ ખાનના બેટા આર્યન ખાનની ડ્રગ એડિક્શનની જબરી ચર્ચાઓ ચાલી રહી છે. મુંબઈના ક્રુઝ ડ્રગ્સ પાર્ટીમાં એનસીબીની રેડમાં આર્યન ઝડપાઇ ગયો હતો. આર્યન સાથે બીજા પણ નબીરાઓ એનસીબીની ઝપટે ચડી ગયા. એનસીબીએ આપેલા એક અહેવાલમાં જણાવાયું છે કે, નશીલી દવાઓના આ કાળા કારોબારે બોલીવુડ ઉપરાંત સાઉથની કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો પણ ભરડો લીધો છે. ભારતના આ ડ્રગ્સ માફિયાઓનું કનેકશન પશ્ચિમી યુરોપ, કેનેડા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ અમેરિકાના દેશો સાથે હોવાનું એનસીબી જણાવે છે. ભારત સહિત વિશ્વના ઘણા દેશોમાં આજે ડ્રગ એડિક્શનની સમશ્યા દિનપ્રતિદિન વિકરાળ બનતી જાય છે. અલભ્ય આધ્યાત્મિક અને ભવ્ય સાંસ્કૃતિક વિરાસત ધરાવતા ભારત જેવા રાષ્ટ્રના મુળીયા ઉખાડવા માટે નશીલા પદાર્થોની તસ્કરીનું એક આયોજનબદ્ધ ષડયંત્ર ઈન્ટરનેશનલ લેવલે ચાલી રહ્યું છે. આર્યન જેવા કિસ્સાઓ 'આઈ ઓપનારહ્ન કહેવાય.

સંસ્કાર અને સંસ્કૃતિમાં જેનો જોટો જડે નહીં એવા હિન્દુસ્તાનને તોડવા અને કમજોર કરવા માટે આવા અવળા માર્ગો અપનાવવાની સાજીશનું શિકાર ભારતનું યુવાધન ન બને એ માટે સરકારના મજબુત પ્રયાસોની સાથે પ્રત્યેક ભારતવાસીએ નિષ્ઠાપૂર્વક આગળ આવવું પડશે. એ સમજવાની કોશિષ કરીએ કે ડ્રગ એડિકશનથી રાષ્ટ્રની સુરક્ષા સામે શો ખતરો છે ? સૌથી પહેલા તો જે વ્યક્તિ નશીલા પદાર્થોનું સેવન કરે છે એની માનસિક તાકાત અને શારીરિક શક્તિ નષ્ટ થતી જાય છે. સ્વાભાવિક રીતે જ જે યુવાન ડ્રગ એડિક્ટ હોય એની માનઃસ્થિતિ અને શરીરની સ્થિતિ નબળી બની જતી હોય છે. ડ્રગ એડિક્ટ યુવાન ભારતીય સેનામાં ઈચ્છે તો પણ જોડાઈ ન શકે. પરિણામે ભારતીય લશ્કરમાં યુવાનો ઓછા જોડાય. ઈન્ડિયન આર્મીની સ્ટ્રેંથ માટે આ એક મોટો પડકાર ઉભો થઈ શકે છે.

બીજો મહત્વનો મુદ્દો એ છે કે, નશીલા પદાર્થના કારણે જ મગજ નબળું પડી જવાથી દેશના યુવાનની વૈચારિક અને બૌદ્ધિક ક્ષમતા ક્ષીણ થતી જાય. આપણે કદી વિચાર્યું છે કે, અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા, કેનેડા જેવા વિકસીત દેશોની નેશનલ-મલ્ટીનેશનલ કંપનીઓ ભારતીય યુવાનોને જોબ કેમ વધારે ઓફર કરે છે ? એનું કારણ એટલું જ છે કે,



એમના દેશો કરતા ભારતના યુવાનો વધુ ક્ષમતા ધરાવતા હોવા છતાં આ કંપનીઓને ૭૦ ટકા ઓછું વેતન ચૂકવવું પડે છે. વળી કામની ગુણવત્તા ભારતના યુવાનો પાસેથી ઉત્કૃષ્ટ મળે છે. વિકસીત દેશોમાં ૬૦ ટકા ઉપરાંત યુવાનો ડ્રગ્સના બંધાણી હોય છે. એટલે જ આ બધી જોબ ભારતના યુવાનોના ભાગે આવે છે.

હવે વિચારી જૂઓ જે દેશમાં તેજીલા તોખાર જેવા કૌશલ્યવાન યુવાનો હોય એમને નશીલી દવાના રવાડે ચડાવી દેવાય તો કયો વિકસીત દેશ ડ્રગ્સના બંધાણી યુવાનોને જોબ ઓફર કરશે ? આ બધી જોબ અન્ય દેશના યુવાનોને ભાગે જતી રહેશે. કહેવાય છે કે, પાડોશી પહેલો સગો છે. સુખ અને દુઃખમાં પાડોશી સૌથી પહેલો ઊભો હોય છે. પરંતુ ભારતના કમનસીબે એના પાડેશી દેશો દોસ્તી કરતાં દુશ્મનીમાં વધુ રસ ધરાવે છે. સામી છાતીએ ભારતનો મુકાબલો કરવાનું એમનું ગજું નથી એટલે આવા અવળા રસ્તા અપનાવવાની કુચેષ્ટાઓમાં રાચે છે. આવા દેશોની એક કાંકરે બે પક્ષીઓ મારવાની મેલી મુરાદ છે. એક તરફ તો ભારતના યુવાધનને નશીલા પદાર્થના રવાડે ચડાવી એમનું બૌધિક સ્તર ઘટાડવું અને બીજી તરફ ડ્રગ્સના વેપાર દ્વારા એમના દેશમાં અબજો રૂપિયાની આવક રળીને એમના દેશને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવો. આપણા દેશના યુવાનોને નશીલી દવાઓની આદત પાડી એમની પાંચેય આંગળીઓ ઘીમાં હોવાનુ સમજી રહ્યાં છે.

દેશના યુવાનોને ડ્રગ્સની આદત કેવી રીતે પડે છે એની મોડેસ ઓપરેન્ડિ પણ સમજવા જેવી છે. પહેલા વહેલા કોઈ બર્થ-ડે પાર્ટીમાં કે રેસ્ટોરંટમાં મિત્રો સાથે જનારા સીધા સાદા યુવાનને યારીની કસમો અપાય છે. કહેવાય છે કે, 'યાર એક વાર ટ્રાય કર... મજા આવશે... જન્નતની સેર કરતો હોઈશ એમ લાગશે... કમ ઓન યાર... બી અ સ્ટ્રોંગ મેન...હ્ન વગેરે વગેરે. આમ જ નશીલા પદાર્થના બંધાણી બનવાની શરૂઆત થતી હોય છે. કેન્ટીનો, રેસ્ટોરંટો, ચાર રસ્તાના નુક્કડો, કોલેજ-સ્કૂલની બહારની ચા-નાસ્તાની લારીઓ આસાનીથી ડ્રગ સપ્લાઈંગ સેન્ટર બની જતા હોય છે. આની સાથો સાથ નકલી ડિએડિકશન સેન્ટરોમાં પણ ડ્રગ્સનો વેપલો ચાલે છે. આ બધી જગાએ નશીલા પદાર્થો આસાનીથી મળી જાય છે.

સરકાર એની રીતે તમામ પ્રયાસો મજબુતાઈથી કરી જ રહી છે. પરંતુ આની સાથે સાથે આ દુષણને નાથવા ભારતના પ્રત્યેક નાગરિકે આગળ આવવું પડશે. પ્રબુધ્ધો અને ચિંતક લેખકોએ ડ્રગના દુષણ સામે જાગૃતિ લાવવા તેમની કલમનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરીને રાષ્ટ્રને બચાવવાનું સત્કાર્ય તત્કાળ આરંભવું પડશે. શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓને ડ્રગ્સના સેવનની ગંભીરતા અંગે રીતસર ઝૂંબેશ ચલાવવી પડશે. પ્રત્યેક વિદ્યાર્થીએ રામ બનીને ડ્રગ્સના રાવણને હણવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો પડશે. નશીલા દ્રવ્યોના રવાડે ચડી ગયેલા એમના મિત્રોને પાછા વાળવા મચી પડવાનુ રહેશે.

નશીલા પદાર્થો પ્લેઝર નથી પોઈઝન છે, એવી સાચી સમજ ફેલાવવામાં પ્રત્યેક દેશવાસીની નક્કર ભુમિકા જોઈશે. શાળા કોલેજોમાં ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક શક્તિઓને ઉજાગર કરતા પરિસંવાદો, નાટિકાઓ અને જોશીલા-રસપ્રદ ગીતો-ગઝલોના કાર્યક્રમો યોજવા જોઈશે. કેંટિનો, ચા-નાસ્તાની લારીઓ, શાળા કોલેજોમાં ડ્રગ વેચવાનો વેપલો કરનારાઓએ રાષ્ટ્રપ્રેમ અને દેશદાજ દાખવવાનો સોનેરી અવસર સમજી બે પૈસા વધારે કમાવાની લાલચ છોડીને આવો કાળો વેપાર છોડી દેવા મક્કમ નિર્ધાર કરવનો રહેશે. આ લોકોએ દેશના સાચા નાગરિક બની રાષ્ટ્રહિત માટે આગળ આવવું પડશે. એકવાર દેશના યુવાનના મનમાં આપણી ગૌરવવંતી સંસ્કૃતિના બીજ રોપાય, આધ્યાત્મિક ચેતનાની ચીનગારી ઉજાગર થાય પછી ડ્રગ્સની નકારાત્મક વિચારશરણીને પરાસ્ત થતા વાર નહીં લાગે. ઉચ્ચ વિચારોમાં એકવાર રસ પડવાનો શરૂ થાય પછી નશાખોરીનો બદબુદાર રસ આપોઆપ બંધ થઈ જશે. ભાતિગળ ભારતની ધરોહર તેનું કૌશલ્યવાન યુવાધન છે. ભારતનો યુવાન એકવાર આગળ વધવાનું નક્કી કરે પછી એને દુનિયાની કોઈ તાકાત પાછળ પાડી શકે એમ નથી.

**ધબકાર :**

કોઈપણ વ્યસન વ્યક્તિના મનોબળથી ક્યારેય બળવાન હોતું નથી.